મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૩૬ ટકા

**ગાંધીનગર તાપમાન**

# શહેરમાં જનતા કરફ્યુના કડક અમલથી ઐતિહાસિક સન્નાટો

## નગરના શોપિંગ બજારો, મુખ્યમાર્ગો, સેકટરોની શેરીઓમાં આખો દિવસ સુનકાર રહ્યો : નગરજનો ઘરની બહાર ન નિકળ્યા સ્વયં શિસ્ત જાળવી : કોરોનાને ડામવા નાગરિકો સજ્જ : સરકારની સાથે કદમ મિલાવી કોરોનાને માત કરવા તૈયાર હોવાનો મજબુત અભિગમ















ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં આજે જનતા કરફ્યુનો કડક અમલ વચ્ચે જડબેસલાક બંધ વચ્ચે સન્નાટો જોવા મળ્યો હતો. નગરના શોપિંગ બજારો , મુખ્યમાર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં આખો દિવસ સુનકાર પ્રવર્તયો હતો. સાડા પાંચ દાયકામાં નગરમાં પ્રથમવાર ઐતિહાસિક સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. સવારથી જ જનતા કરફયુની અસર વચ્ચે નાગરિકોએ પણ ઘરની બહાર જવાનુ ટાળ્યુ હતુ. નગરના માર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ કોઈની અવરજવર જોવા મળી ન હતી. શહેર જાણે સન્નાટા વચ્ચે થંભી ગયુ હતુ. સાંજના સમયે નાગરિકોએ ઘરના આંગણે તાળી પાડીને તેમજ થાળી વગાડીને કોરોનાને જાકારો આપવા માટે દિવ્ય શકિતને પ્રાર્થના કરી હતી.

સમગ્ર વિશ્વમાં કોરોનાએ કાળોકેર વર્તાવ્યો છે. ભારતમાં પણ કોરોનાના કેસ નોંધાતા સમગ્ર દેશમાં રોગચાળાને અનુલક્ષી દેશવાસીઓ સાવધ બની સ્વયંશિસ્તમાં આવી ગયા છે. જયારે ગુજરાતમાં પણ ૧૮ કેસ નોંધાયા છે. જેના લીધે સરકારે અમદાવાદ, સુરત , રાજકોટ , વડોદરા અને ગાંધીનગરને લોકડાઉન કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે. કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આમ નાગરિકોને ૨૨ માર્ચના રોજ જનતા કરફયુનો અમલ કરવા માટે અપીલ કરી હતી. જેના લીધે આમ તો જનતા કરફયુની અસર શનિવાર સવારથી જ જોવા મળી હતી. શનિવારે નગરજનોએ જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓની ખરીદી કરી લીધી હતી. જયારે શનિવારે બપોરથી જ નગરમાં મોટાભાગની દુકાનો બંધ રહી હતી. જયારે રવિવારે સવારથી જ શહેરના શોપિંગ સેન્ટરોમાં દુકાનો બંધ રહી હતી. વેપારીઓએ સ્વયં બંધ રાખીને જનતા કરફયુનો અમલ કર્યો હતો. નગરજનો પણ ઘરની બહાર નિકળ્યા ન હતા.સવારથી જ નગરના માર્ગો પર સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન સેકટરોની શેરીઓમાં પણ સુનકાર છવાયેલો રહ્યો હતો. ગાંધીનગરમાં આજે ઐતિહાસિક સન્નાટો જોવા મળ્યો હતો. નાગરિકો ઘરની બહાર નિકળ્યા ન હતા. જયારે સવારથી જ આગળના દિવસથી જ જનતા કરફયુના અમલ માટે પુર્વ તૈયાર રહ્યા હતા. મોડી સાંજ સુધી સેકટરોમાં સન્નાટો રહ્યો હતો. દિવસ દરમિયાન પોલીસ પણ સતત રાઉન્ડમાં લેતી નજરે પડી હતી નગરજનોના સ્વયંભુ સજ્જડ બંધને તંત્રના અધિકારીઓએ પણ બિરદાવ્યો હતો. જયારે મોડી સાંજ બાદ એકલ દોકલ વ્યકિતઓ બહાર લટાર મારતા જોવા મળ્યા હતા. આડા દિવસોમાં સતત ધમધમતા શોપિંગ બજારો અને માર્ગો કરફ્યુગ્રસ્ત જોવા મળ્યા હતા. શોપિંગ બજારમાં પણ પીન ડ્રોપ સાયલન્સ વચ્ચે કોઈ ગતિવિધિ જોવા મળી ન હતી. શહેરીજનોએ જનતા કરફયુના કડક અમલ વચ્ચે અનોખી સ્વયંશિસ્તનો અહેસાસ કરાવ્યો હતો. સાંજના સમયે નગરજનોએ પોતના ઘરના આંગણે ઉભા રહી થાળી વગાડી તેમજ તાલી પાડીને ગો કોરોના ..અભિગમ સાથે દિવ્યશકિતને આહવાહન કર્યુ હતુ. ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારબાદ પ્રથમવાર આજે શહેરમાં અનોખો સન્નાટો છવાયેલો રહ્યો હતો.

# જનતા કરફ્યુ દિવસ કેમ પસાર કર્યો










ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલને સમર્થન આપવા ૧૪ કલાક માટે જનતાએ લોકડાઉન પાળ્યુ હતુ.

નગરની જનતાએ આ લોકડાઉનને સફળ બનાવવા માટે ઘરની બહાર ન નિકળવાનો નિર્ણય લીધો હતો અને આ દિવસને ઘરમાં રહી અલગ રીતે પસાર કરી વડાપ્રધાન દ્વારા કોરોનાની લડત માટે કરવામાં આવેલી અપીલને સમર્થન આપ્યુ હતુ. પરિવાર સાથે જમણ કરવા સાથે ટ્રી પ્લાન્ટેશન, ઈનડોર ગેમ્સ, હોમ બર્થડે સેલિબ્રેશન, ટીવીમાં મુવી, ઘરના હોમ મેડ નાસ્તા બનાવવા સાથે આ દિવસે પાપડ અને કાતરી બનાવવામાં આવ્યા હતા.

જનતા કરફ્યુને સવારે ૭ વાગ્યાથી લઈ રાત્રે ૯ વાગ્યા સુધી નગરજનોએ સમર્થન આપ્યુ હતુ. નગરના નાગરિકોએ આ કરફ્યુના દિવસને ઘરમાં રહીને અલગ-અલગ રીતે પસાર કર્યો હતો. શહેરના કાજલ ત્રિવેદીએ તેમના પોતાના જન્મ દિવસ નિમિત્તે ઘરે જ કેક બનાવી પરિવાર પુરતુ જ બર્થડે સેલિબ્રેશન કર્યુ હતુ. અમ્રીતા દવેએ પરિવાર સાથે જ રહીને ઈનડોર ગેમ રમીને દિવસ પસાર કર્યો હતો. સરગાસણમાં રહેતા કેવલ ઠક્કર કહે છે કે વિશ્વમાં કોરોના વાયરસના કહેરની ચેઈન બ્લોક કરવાના હેતુસર મે મારા ઘરના સભ્યો સાથે ઘણા દિવસ પછી સમય પસાર કર્યો અને માતાને રસોઈમાં મદદ કરી સાથે દરેક સગા સંબંધીઓ સાથે અમે સામેથી ફોનમાં વાત કરી. પેથાપુરમાં રહેતા રાઈડર હરદિપસિંહ અને યુવરાજસિંહ જાડેજાએ બાઈકની સફાઈ કરી, સાથે પરિવારજનો સાથે ઈનડોર ગેમ્સ રમી અને જમવાનું બનાવવામાં માતાને મદદ કરી. જુના સેક્ટરમાં રહેતી ઉર્મી દ્વારા પેઈન્ટીંગ કરીને દિવસ પસાર કરવામાં આવ્યો હતો. કુડાસણ વિસ્તારમાં રહેતી કૃપા દ્વારા આ દિવસે ઘરમાં ગાર્ડનિંગ કરવામાં આવ્યુ સાથે ઘરના સભ્યો સાથે બેસીને નાનપણના આલ્બમ જોયા અને નાનપણના દિવસો યાદ કર્યા હતા. પ્રદીપસિંહ સોલંકી અને ઉત્સવ પરમાર કહે છે કે સવારે મમ્મી સાથે નાસ્તો બનાવવામાં મદદ કરી પરિવારે સાથે બેસીને ટીવીમાં ન્યુઝ જોયા. બપોરનું ભોજન એક સાથે કરી ઈનડોર ગેમ્સ રમ્યા સાથે એક સાથે ફિલ્મ જોવાની મજા માણી. નરેન્દ્ર મોદી મોદીજીનો આભાર માનુ છુ કે અમને આ દિવસને માણવાનો મોકો આપ્યો.

નગરની ગૃહિણીઓએ ઘરના તમામ પ્રકારના નાસ્તા બનાવવા સાથે, પાપડ કે કાતરી પાડીને દિવસ પસાર કર્યો, અમુકે ઘરની સાફસફાઈ કરી, અમુકે વાંચન સાથે ફિલ્મ જોવાની મજા માણી, આખો દિવસ આરામ કરી સાંજે ચા પીને દિવસ પસાર કરવા સાથે પબજી અને લુડો જેવી ગેમ રમીને શહેરીજનોએ પોતપોતાનો દિવસ પસાર કર્યો હતો.